# Dukh Ma Mari Maa Kafi Lyrics | Kinjal Dave | KD Digital

હો સુખમાં ભલે સો સંગાથી દુઃખમાં મારી મા કાફી
હો..હો સુખમાં ભલે સો સંગાથી દુઃખમાં મારી ચેહર કાફી

હો અરજી હોય અંતરથી સાચી દેતીમાં બધા દુઃખડા કાપી
સુખમાં મારે સો સંગાથી દુઃખમાં મારી ચેહર કાફી

હો..હો..સુખમાં ભલે સો સંગાથી દુઃખમાં મારી મા કાફી
દુઃખમાં મારી મા કાફી

હો ઋણ કેમ ચૂકવું તારા અનેક ઉપકાર છે
ડગલે ને પગલે માડી સાથે રહેનાર છે

હો..હો…એક નહી બે નહી પરચા હજાર છે
વપિત વેળા આવી ત્યારે લાજ રાખનાર છે
હો..છોરું ને રાખતી રાજી..રાજી..
ખબરુ રાખતી કાયમ માજી..

સુખમાં મારે સો સંગાથી દુઃખમાં મારી ચેહર કાફી
હો સુખમાં ભલે સો સંગાથી દુઃખમાં મારી માં કાફી
દુઃખમાં મારી મા કાફી

હો..તેરવાડામાં પ્રગટી વાલા ચેહર મારી માત છે
જ્યાં પડે નજર મારી ત્યાં એનો વાસ છે

હો..માં જેને જેને જાણી તને એનો બેડોપાર છે
માગ્યા વાગર આપે બધું દલિની દાતાર છે
હો..મારા મણા બાપા એ હેતે સેવ્યા
એના આશીર્વાદ અમને ફળ્યા….

જેસંગપુરા વાળી માડી લલતિ દવે ગાવે વાણી
હો..સોનાની રે નગરીવાળી ટહુકાની ચેહર દયાળી
હો..હો…સતીશભઇ ની લાજ રાખી
દુઃખમાં મારી મા કાફી.